જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૭/૨૦૧૭ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૫૨૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૩૭ લીટર દેશી દારૂ, ૧૯૨ ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ ઈક્કો ગાડી કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૨૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૫૨૪/૧૭

**શહેરકોટડાઃ** જેઠાનંદ ઉર્ફે જેક્કી બંસીલાલમેઘાણી (રહે.સંત આશારામ સોસાયટી ઠક્કરબાપાનગર રોડ) એ તા.૨૬/૭/૧૭ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૭/૧૭ સાંજના ૭/૩૦ થી તા.૨૩/૭/૧૭ સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન સરસપુર પોટલીયા ખાતે પુષ્પરાજ એસ્ટેટમાં આવેલ શ્રી સાંઇબાબા પ્લાસ્ટીકની દુકાનના શટર તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી રોકડ રૂપિયા ૪૪,૪૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.બારોટ ચલાવે છે.

**દાણીલીમડાઃ** લક્ષ્મણભાઇ ખેતસિંહભાઇ રાઠોડ (રહે. કાશી વિશ્વનાથ સોસાયટી વિભાગ-૨ કંકુબા સ્કુલની પાસે ઇસનપુર) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૭/૧૭ રાતના ૮/૦૦ થી તા.૨૬/૭/૧૭ કલાક ૯/૦૦ વાગ્યા દરમ્યાન શાહઆલમ સેન્ટ્રલ વેર હાઉસના ગોડાઉનની કાર્યાલયના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનની તિજોરીમાથી મિથાઇલ બ્રોમાન્ડ ફીમીગેશન મોનિટર નંગ-૨ કિમત રૂપિયા ૫૦,૦૦૦/-અને મિથાઇલ બ્રોમાન્ડ પોર્ટેબલ લેક ડીટેક્ટર નંગ-૧ કિમત રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

ચોરીઃ- સમાચાર યાદી નં.૧૫૨૫/૧૭

**વેજલપુરઃ** રમણભાઇ પુંજાભાઇ ચાવડા (ઉ.વ.૫૯) (રહે. બાજીગર સોસાયટી આનંદનગર રોડ વસ્ત્રાપુર રેલ્વે ક્રોસિંગ પાસે આનંદનગર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૬/૭/૧૭ સવારના ૧૧/૦૦ થી ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન વેજલપુર ખાતે આવેલ એસબી.આઇ બેન્કના કેશ કાઉન્ટર ઉપર અજાણી સ્ત્રીએ રમણભાઈના થેલાને ચીરો મારી થેલામાંથી ૫૦૦/- નુ બંડલ રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

**રામોલઃ** મયુરભાઇ મહાદેવભાઇ પટેલ (રહે.હેવન પ્લાઝા ફ્લેટ પ્રકાશ ટેનામેન્ટ રીટાનગર વસ્ત્રાલ) એ તા.૨૬/૭/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૭/૧૭ કલાક ૭/00 થી ૭/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાથી અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૫ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩૫,000/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી જયપ્રકાશ મોહરસિહ ચલાવે છે.

<u>સોનાની ચેઈન ખેચી તોડી ઝુટવી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૨૬/૧૭</u>

**સાબરમતીઃ** મનીષા હેમંતભાઇ સોની (ઉ.વ.૩૭) (રહે. સાનિધ્ય ફ્લોરા ખોડિયાર માતાના મંદિરની બાજુમા ન્યુ રાણીપ સાબરમતી) તા.૨૬/૭/૧૭ બપોરના ૪/30 વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ વિનાયક બંગ્લોઝ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનીષાબહેનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૪૧,000/- ખેચી તોડી ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનીષાબહેન સોનીએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એન.સાધુ ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૨૭/૧૭</u>

**વટવાઃ** ભવાનભાઈ બાબુભાઈ ઓડ (રહે. પ્રેરણા સોસાયટી કઠવાડા રોડ સીંગરવા ઓઢવ) એ તા.૨૪/૭/૧૭ રાતના ૮/00 વાગે નારોલ મટન ગલીની આગળ આવેલ પુનમ હોટલ પાસે નારોલ બ્રીજ પાસે ડમ્પર ટ્રક નંબર જીજે 0૧ બી.વી. ૧૮૯૮ કિમત રૂપિયા ૪,00,000/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી આ અંગેની ફરીયાદ ભવાનભાઈ ઓડ એ વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૫૨૮/૧૭</u>

**એલીસબ્રીજઃ** દેવશીભાઇ રાજીભાઇ દલસાણિયા (ઉ.વ.૪૨) (રહે. મહેનતપુરાના છાપરાં લલીબેનની ચાલી અંબાવાડી રેલ્વે લાઇન) એ અગમ્ય કારણસર તા.૨૬/૭/૨૦૧૭ કલાક ૧૨/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી ડી.ડી.વસાવા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રીતિકાસિંગ વા/ઓફ સોનુસિંગ મૌર્ય (રહે.ઈન્દ્રજીત સોસાયટી ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૨૬/૭/૨૦૧૭ બપોરના ૧/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ શ્રી એમ.એ.રાઠોડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.